# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **જાફરાબાદના દરિયામાં એક શંકાસ્પદ બોટની હિલચાલના પગલે કોસ્ટ ગાર્ડ એલર્ટ - માછીમારોને દરિયામાં ન જવા સૂચના.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશન સિંદુરને ત્રાસવાદ સામેના યુધ્ધમાં ઐતિહાસિક સીમાચિહ્ન ગણાવ્યું.**
3. **ઓપરેશન સિંદૂરની સફળતાના પગલે સૈન્યના સાહસ અને શૌર્યને બિરદાવવા રાજ્યભરના અનેક સ્થળોએ તિરંગા યાત્રા યોજાઇ.**
4. **પાકિસ્તાનના મદદગાર તૂર્કીયે અને અઝરબૈઝાન સાથે વેપારી સંબંધો સ્થગિત કરવાની મોરબીના સિરામિક ઉદ્યોગકારોની વિચારણા.**
5. **રાજ્ય જીએસટી વિભાગે તમાકુ અને વાસણના 67 વેપારીઓ પર દરોડા પાડી 9 કરોડ 28 લાખ રૂપિયાની કરચોરી ઝડપી.**
6. **આઇપીએલમાં દિલ્હી કેપિટલને હરાવી ગુજરાત ટાઇટન્સ પોઇન્ટ ટેબલ માં ટોચ પર પહોંચ્યું.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMRELI BOAT SEIZED

અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદરથી 22 નોટિકલ માઈલ દૂર એક શંકાસ્પદ બોટની હલચલ જોવા મળી છે. સ્થાનિક માછીમારોએ આ બોટને જોતાં તેનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, બોટમાં રહેલા ખલાસીઓએ બોટને ઝડપથી હંકારી હતી. માછીમારોએ કોસ્ટગાર્ડને જાણ કરતાં તુરંત જ હેલિકોપ્ટર સાથે કોસ્ટગાર્ડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.હેલિકોપ્ટર જ્યારે બોટની નજીક ઉતરવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે બોટ ત્યાંથી રવાના થઈ ગઈ હતી. આ શંકાસ્પદ પરિસ્થિતિને જોતાં તમામ બંદરો પર એલર્ટ જાહેર કરાયું છે.

આ બોટની હિલચાલ બાદ હવે સલામતીના કારણોસર માછીમારોના જાન-માલની સુરક્ષા માટે જાફરાબાદ, ચાંચબંદર, ધારાબંદર, શિયાળબેટ અને નવાબંદર સહિતના તમામ બંદરો પર બોટો લાંગરવાનો આદેશ આપવામાં આવ્યો છે. દરિયાઈ માર્ગનો દુરુપયોગ અને આતંકી પ્રવૃત્તિઓને રોકવા માટે આ તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. વહીવટી તંત્રે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી નવી સૂચના જારી ન કરવામાં આવે, ત્યાં સુધી કોઈપણ માછીમાર દરિયામાં જઈ શકશે નહીં. બોટ માલિકોને તેમની બોટો સુરક્ષિત સ્થળે લાંગરવા સૂચના આપવામાં આવી છે.

---

# AMIT SHAH-AHMEDABAD (PAGE 01)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશન સિંદુરને ત્રાસવાદ સામેના યુદ્ધમાં ઐતિહાસિક સીમાચિહ્ન ગણાવ્યું. તેમણે જણાવ્યું કે , ઓપરેશન સિંદુર પ્રધાનમંત્રી

નરેન્દ્ર મોદીની રાજકીય ઇચ્છાશક્તિ, ભારતનાં સશસ્ત્ર દળોનાં શૌર્ય અને ભારતની ગુપ્તચર સંસ્થાઓનાં ચોક્સાઇપૂર્વકનાં આયોજનનું પરિણામ હતું.

અમદાવાદના નારણપુરા ખાતે એક જાહેર સભાને સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે, ભારતે પાકિસ્તાનનાં નવ આતંકવાદી અડ્ડાઓનો નાશ કરીને પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ખુલ્લું પાડ્યું છે.

## (BYTE AMIT SHAH TERRORIST CAMP)

કેન્દ્રીય ગૃહમંત્રીએ નારણપુરા ખાતે પલ્લવ ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું હતું અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલા અંદાજે 1600 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનાં લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યા હતા, જેમાં સાબરમતી રેલવે ઓવરબ્રિજ , રમતગમત પ્રવૃત્તિ કેન્દ્ર અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ હાઉસિંગ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

## (BYTE AMIT SHAH LOKARPAN)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે , પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજ્યમાં ૧૩ લાખથી વધુ આવાસો બનાવવામાં આવ્યાં છે.

ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા ગૃહમંત્રીએ ગઈ કાલે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. શ્રી શાહ સાણંદ ખાતે યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગે સાણંદ અને આસપાસના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભારતીય સેનાના સાહસ અને શૌર્યને બિરદાવ્યું હતું.

આ અગાઉ , શ્રી શાહે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધન કર્યું હતું. તેમણે

મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે કે.કે.પટેલ અને મધુબેન કે.પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું.

---

# TIRANGA YATRA

રાજયના વિવિધ સ્થળોએ ગઇકાલે ઓપરશન સિંદુર હેઠળ  ભારતીય સેનાની કામગીરીને બિરદાવવા    તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત મહીસાગરના લુણાવાડા ખાતે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરની ઉપસ્થિતિમાં     તિરંગા યાત્રા યોજાઇ હતી.  જ્યારે પાટણના રાધનપુર ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં ધારાસભ્ય લવિંગજી ઠાકોર જોડાયા હતા. આ પ્રસંગે તેમણે આ મુજબ જણાવ્યું

## (બાઈટ લવિંગજી ઠાકોર)

ભાવનગરમાં પણ  10 કિલોમીટર લાંબી તિંરગા યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સાયકલીસ્ટ જોડાયા હતા.

---

# MORBI CERAMIC

પાકિસ્તાનના મદદગાર  તુર્કીયે અને અઝરબૈઝાન સાથે મોરબીના સિરામિક ઉદ્યોગકારો વેપાર સંબંધો સ્થગિત કરવાની વિચારણા કરી રહ્યાં છે.  બંને દેશો સાથે સિરામિક ઉદ્યોગનો વાર્ષિક 100 કરોડનો વેપાર થાય છે પરંતુ આ વેપારને દેશહિત માટે જતો કરવાનો વિચાર કરવામા આવ્યો હોવાનું સિરામિક ઉદ્યોગના       વોલ ટાઈલ્સ એસોસિએશનના પ્રમુખ હરેશ બોપલિયાએ આપી હતી.

## (બાઇટ- હરેશ બોપલીયા)

આ ઉપરાંત બંને દેશો સાથેના પ્રવાસન કાર્યક્રમ પણ બંધ કરવાનો નિર્ણય કરાયો છે.. આ ઉપરાંત વેપારીઓ પણ તેમનો આ બંને દેશોનો પ્રવાસ રદ કરશે.

---

# GST CHORI

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા તમાકુ અને વાસણના 67 વેપારીઓ પાસેથી 9 કરોડ 28 લાખની કરચોરી ઝડપી પાડવામાં આવી છે.

ચોક્કસ બાતમીને આધારે રાજ્યમાં તમાકુ તથા વાસણોના 67 વેપારીઓના 84 સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી.

અમદાવાદ ખાતે વાસણોના 12 વેપારીઓના 13 વેપારના સ્થળોએ હાથ ધરવામાં આવેલી તપાસમાં બિલ વિના માલની ખરીદી અને વેચાણ થકી કરચોરીની મોડસ ઓપરેન્ડી શોધી કાઢવામાં આવી હતી , તેમજ તપાસ દરમિયાન બિન-હિસાબી સ્ટોક તેમજ કાચુ હિસાબી સાહિત્ય મળી આવેલ હતું. વિજાપુર , ઉંઝા તથા ઉનાવા ખાતે આવેલા તમાકુના 55 વેપારીઓના 71 ધંધાના સ્થળોએ તપાસની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

---

# IPL

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈકાલે રાત્રે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે યજમાન દિલ્હી કેપિટલ્સને 10 વિકેટથી હરાવ્યું. 200 રનના લક્ષ્યનો પીછો કરવા

માટે, ગુજરાતની ઓપનિંગ જોડી સાઈ સુદર્શન અને કેપ્ટન શુભમન ગિલ અણનમ રહ્યા હતા. સુદર્શનની શાનદાર સદી અને ગિલની 53 બોલમાં 93 રનની ઇનિંગે ગુજરાતને 1 ઓવર બાકી હતી ત્યારે વિજય મેળવી લીધો હતો. સુદર્શનને પ્લેયર ઓફ ધ મેચ પણ જાહેર કરવામાં આ વ્યા. અગાઉ, પ્રથમ બેટિંગ કરતા , યજમાન ટીમે ઓપનર કેએલ રાહુલની અણનમ સદી સાથે નિર્ધારિત 20 ઓવરમાં 3 વિકેટે 199 રન બનાવ્યા.

આ જીત સાથે, ગુજરાત ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું અને પ્લેઓફ માટે ક્વોલિફાય થયું.

અન્ય એક મેચમાં , પંજાબ કિંગ્સે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સને દસ રનથી હરાવ્યું. પંજાબ કિંગ્સ દ્વારા નિર્ધારિત 220 રનના લક્ષ્યનો પીછો કરતા, રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 209 રન બનાવ્યા. રાજસ્થાન રોયલ્સ માટે, ધ્રુવ જુરેલે સૌથી વધુ 53 રન બનાવ્યા.

---

# WEATHER

હવામાન વિભાગે આજથી 24મે સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં હળવા વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરી છે. જેમાં પવનની ઝડપ 30થી 50 કિલોમીટર પ્રતિ કલાકની નોંધાઈ શકે છે. હવામાન વિભાગ મુજબ આગામી છ દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નોંધાશે નહીં.

21 તારીખે પૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં જ્યારે 22મીએ સૌરાષ્ટ્ર, દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઉપરાંત 23 અને 24મીએ સમગ્ર ગુજરાતમાં વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.

---

# DANG – PM KRUSHI YOJNA

ડાંગ જિલ્લામાં ‘હર ખેત કો પાની’ – અને ભૂગર્ભ જળ સિંચાઈ યોજના હેઠળ 119 કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ડાંગનાં આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં કુલ બે હજાર 150 ખુલ્લા કુવાઓનાં સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાંથી વર્ષ 2021-22માં કુલ એક હજાર 820 કુવાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કુવાઓથી એક હજાર 882 જેટલા લક્ષિત લાભાર્થી ખેડૂતોના એક હજાર 859 હેક્ટર સિંચાઈ વાવેતરને આવરી લેવામાં આવેલ છે.

---

# ACCIDENT - SABARKANTHA

સાબરકાંઠાના હિંમતનગર ઈડર ધોરીમાર્ગ પર રિક્ષા અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિઓના મોત નિપજ્યાં છે. ઘા યલ થયેલા બે વ્યક્તિઓને સારવાર અર્થે સિવિલ ખસેડાયા છે , જ્યાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. પોલીસે આ અંગે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

# BANGLADESHI DHARPAKAD

પાટણ જિલ્લાની સ્થાનિક ગુનાશોધક શાખાએ બે બાંગ્લાદેશી નાગરિકો રફીક જલાલ ગુલામ શેખ અને તેની પત્ની કાજલ શેખની દેથળી ગામેથી ધરપકડ કરી છે. બંને વ્યક્તિઓને કાનૂની કાર્યવાહી કર્યા બાદ બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે.

---